# નારદ ભક્તિ સૂત્ર

સરળ અનુવાદ સાથે

અનુવાદ : શ્રી ગોર



# नारद भक्ति सूत्र

સરળ અનુવાદ સાથે

અનુવાદ : શ્રી ગોર



શ્રી ગોર આશ્રમ

મુ. ખરેડા તા. મોરબી, જિ. રાજકોટ પીનઃ ૩૬૩ ૬૪૨


e: shreegorji@yahoo.com

# નારદ ભક્તિ સૂત્ર

પ્રથમ આવૃતિ : ૧૦૦૦
**વર્ષ-૧૯૯૮**

દ્વિતીય આવૃત્તિ : ૫૦૦
**વર્ષ-૨૦૧૨**

મૂલ્ય : **સદ્‌ભાવના**



પ્રાપ્તિ સ્થાન :
**શ્રી ગોર આશ્રમ**
મુ. ખરેડા તા. મોરબી,
જિ. રાજકોટ પીનઃ ૩૬૩ ૬૪૨
e: shreegorji@yahoo.com

# प्रथमोऽध्याय : પહેલો અધ્યાય

## परभक्ति स्वरुपम् । પરાભક્તિનું સ્વરૂપ

हरि ॐ ।। હરિ ॐ ।।

१. **अर्थात भक्तिम् व्याख्यास्याम: ।**

હવે આપણે ભક્તિની વ્યાખ્યા જોઈશું.

२. **सा तु अस्मिन् परम प्रेम रुपा ।**

ભક્તિ એટલે પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ.

३. **अमृत स्वरुपा च ।**

ભક્તિ એટલે મુક્તિ.

४. **यत् लब्धवा पुमान सिद्धो भवति, अमृतो भवति, तृप्तो भवति ।**

આવી ભક્તિને પામેલો પુરૂષ પૂર્ણ (સિધ્ધ) થાય છે, મુક્ત થાય છે, તૃપ્ત થાય છે.

५. **यत् प्राप्य न किंचित वांछति, न शोचति, न द्वेष्टि, न रमते, न उत्साही भवति ।**

આવી ભક્તિને વરેલ કંઈ ઈચ્છતો નથી, શોક કરતો નથી, ઈર્ષા કરતો નથી, સાંસારિક લાભથી આનંદ પામતો નથી અને દુન્યવી સ્વાર્થમાં ઉત્સાહ દાખવતો નથી.

६. यत् ज्ञात्वा मत्तो भवति, स्तब्धो भवति, आत्मरामो भवति ।

આવી ભક્તિને જાણનારો મસ્ત રહેતો હોય છે, સ્તબ્ધ થઈ ગયેલો હોય છે, સતત આત્માનાં આનંદમાં રમણ કરતો હોય છે.

७. सा न कामयमाना, निरोधरुप त्वात् ।

આવી ભક્તિ એ કામ (આસક્તિ) નથી, ઉલટું એનો નિરોધ છે.

८. निरोधः तु लोकवेदव्यापार न्यासः ।

કામનો નિરોધ એટલે લૌકિક અને ધાર્મિક પ્રવૃતિનો ત્યાગ.

९. तस्मिन् अनन्यता तद्–विरोधिषु उदासीनता च ।

કામનો નિરોધ એટલે ઈશ્વરમાં અનન્યપણું અને સંસારમાં ઉદાસીનતા.

१०. अन्य आश्रयाणाम् त्यागो अनन्यता ।

અનન્યપણું એટલે ઈશ્વર સિવાય બધા આધાર છોડી દેવા તે.

११. लोक–वेदेषु तद–अनुकूल आचरणम् तद्–विरोधिषु उदासीनता ।

ભક્તિને અનુકૂળ હોય તેવા જ લૌકિક અને ધાર્મિક કાર્યો કરવા, એ સંસાર પ્રત્યે ઉદાસીનતા કહેવાય છે.

**१२. भवतु निश्चयदाढर्याद–उर्ध्वम् शास्त्ररक्षणम् ।**

આવી ભક્તિમાં દ્રઢતા આવી જાય પછી પણ શાસ્ત્રોનાં નીતિ-નિયમો પાળવા.

**१३. अन्यथा पातित्य–शंकया ।**

નહિંતર પતનનો ભય છે.

**१४. लोकः अपि तावत् एवः भोजन आदि–व्यापार तु आ शरीर–धारण अवधि ।**

લૌકિક રિવાજોને પણ આ રીતે ને એટલા પ્રમાણમાં જ અનુસરવા; પણ શરીરનું આયુષ્ય છે ત્યાં સુધી શરીરનાં સ્વાસ્થ્ય માટે ભોજન-વ્યાયામ વગેરે કર્મો અવશ્ય કરતાં રહેવા.

**१५. तत् लक्षणानि वांच्यते नानामतभेदात् ।**

ભક્તિનાં લક્ષણો બાબત અનેક મતભેદ છે.

**१६. पूजा–आदिषु अनुरागः इति पाराशर्यः ।**

પારાશર ઋષિનાં પુત્ર વ્યાસના મતે પૂજા વગેરેમાં પ્રેમભાવ હોવો એ ભક્તિનું લક્ષણ છે.

**१७. कथा आदिषु इति गर्गः ।**

ગર્ગાચાર્યનાં મતે ઈશ્વરની કથા વગેરેમાં પ્રેમભાવ હોવો એ ભક્તિનું લક્ષણ છે.

**१८. आत्मरति अविरोधेन इति शांडिल्यः ।**

શાંડિલ્ય ઋષિનાં મત મુજબ આત્મપ્રેમનો અવિરોધ એ ભક્તિનું લક્ષણ છે.

**१९. नारदः तु तद–अर्पित–अखिल–आचार–ता तद् विस्मरणे परम व्याकुलता इति च ।**

પણ નારદનાં મતે સર્વ કર્મો ઈશ્વરને અર્પણ કરવા અને ઈશ્વરનું જરા પણ વિસ્મરણ થયે પરમ વ્યાકુળતા થવી એ ભક્તિનું લક્ષણ છે.

**२०. अस्ति एवम् एवम् ।**

આનું ઉદાહરણ પણ છે.

**२१. यथा व्रज गोपिकानाम् ।**

જેમ કે વ્રજની ગોપીઓ.

**२२. तत्र अपि न माहात्म्य–ज्ञान–विस्मृति–अपवादः ।**

ત્યાં પણ ગોપીઓને ભક્તિનાં માહાત્મ્યનું જ્ઞાન ન હતું, એ અપવાદ ચાલે એમ નથી.

**२३. तद् विहीनम् जाराणम् इव ।**

કેમ કે, એ વિના તો ગોપીઓનો પ્રેમ પણ માત્ર જાર-કર્મ (સ્ત્રી પુરૂષનાં શાસ્ત્ર વિરુદ્ધ સંબંધ) જ હોત.

२४. नास्ति एव तस्मिन् तत् सुख सुखित्वम् ।

''કૃષ્ણનાં (તારા) સુખે હું સુખી'' - એવો ભાવ એમાં ન હોત.

## द्वितियोऽध्याय : બીજો અધ્યાય

## परभक्ति महत्कवम् । પરાભક્તિનું મહત્વ

२५. सा तु कर्मज्ञान योगेभ्य: अपि अधिकतरा ।

આવી ભક્તિ કર્મયોગ, જ્ઞાનયોગ અને રાજયોગથી પણ અધિક મહત્ત્વની છે.

२६. फलरुपत्वात् ।

કારણ કે, તે કર્મ, જ્ઞાન અને યોગનું ફળ છે.

२७. ईश्वरस्य अपि अभिमान-द्वेषित्वात् दैन्यप्रियत्वात् च ।

ઈશ્વરને પણ અભિમાન પ્રત્યે દ્વેષ અને દીનતા પ્રત્યે પ્રેમ છે.

२८. तस्या: ज्ञानम् एव साधनम् इति एके ।

કેટલાંક ઋષિઓનાં મતે ભક્તિનું સાધન એક માત્ર જ્ઞાન જ છે.

२९. अन्योन्य-आश्रयत्वम् इति अन्ये ।

બીજા આચાર્યોનાં મતે જ્ઞાન અને ભક્તિ એકબીજાનાં આશ્રયે છે.

**૩૦. स्वयं फल–रुपता इति ब्रह्म कुमारः ।**

પણ, નારદનાં મતે ભક્તિ પોતે જ પોતાનું ફળ છે.

**૩૧. राज गृह भोजन आदिषु तथैव दृष्टत्वात् ।**

રાજા–ઘર–ભોજન વગેરે તેનાં દૃષ્ટાંત પણ છે.

(•એક રાજકુંવર જંગલમાં ખોવાઈ ગયો. તેને સાધુએ ઉછેરી મોટો કર્યો. તે પોતાના મા–બાપ કે રાજ્ય વિશે કશું જાણતો ન હતો. અચાનક તેને પોતાના મા–બાપ અને રાજ્ય વિશે માહિતી મળે છે. રાજકુંવરને કશું નવું મળતું નથી. જે પોતાનું હતું તે કેવળ યાદ આવે છે.

•બીજા ઉદાહરણમાં... એક મુસાફર પોતાનાં ઘરથી ઘણો સમય થયાં દૂર હતો. જ્યારે તે ઘરે પાછો આવે છે ત્યારે ઘર મળ્યાનો આનંદ એને થાય છે. જ્યારે તે દૂર હતો ત્યારે પણ તેનું ઘર તેનું જ હતું, કાંઈ નવું ઘર તેને મળેલ નથી, કેવળ અંતર મટી ગયું. આજ રીતે ભોજનથી ક્ષુધાની પૂર્તિ કેવળ થાય છે, ભોજનનાં પદાર્થોથી બીજું કંઈ મળતું નથી, વગેરે...)

**૩૨. न तेन राजा पारितोषः क्षुत् शांतिः वा ।**

તે રાજાને સમાચાર મળ્યેથી રાજ્ય મળેલ નથી. પણ પહેલેથી તેનું રાજ્ય હતું તે મળેલ છે. આજ રીતે મુસાફરને પણ નવું ઘર મળતું નથી. પોતાનાં ઘરે

પહોચ્યાનો સંતોષ થાય છે. એ જ રીતે ખાવાથી કાંઈ સંતોષ નથી પણ ભૂખ મટ્યા નો સંતોષ છે.

**૩૩. तस्मात् सैव ग्राह्या मुमुक्षुभिः ।**

આથી, મોક્ષની ઈચ્છાવાળાએ ભક્તિનો માર્ગ જ સેવવો.

## तृतियोऽध्याय : ત્રીજો અધ્યાય
## भक्तिसाधनानि । ભક્તિનાં સાધનો

**૩૪. तस्याः साधनानि गायन्ति आचार्याः ।**

ભક્તિનાં નિમ્ન સાધનો આચાર્યો સ્તોત્રો અને ભજનો રૂપે ગાય છે.

**૩૫. तत् तु विषयत्यागात् संगत्यागात् च ।**

વિષય અને સંગનો ત્યાગ કરવાથી ભક્તિ સુલભ થાય છે.

**૩૬. अव्यावृत–भजनात् ।**

તૈલધારાની જેમ સતત ભજનથી પણ ભક્તિ સુલભ થાય છે.

**૩૭. लोके अपि भगवद्–गुण–श्रवण–कीर्तनात् ।**

લૌકિક કાર્ય કરતી વેળા પણ ભગવાનનાં ગુણોનું શ્રવણ કે કીર્તન કરતું રહેવું.

**३८. मुख्यतः तु महत्–कृपया भगवत्–कृपा–लेशात्त् वा ।**

પણ મુખ્ય સાધન તો મહાન માણસોની કૃપા અથવા ભગવાનની લેશમાત્ર કૃપા થવી એ જ છે.

**३९. महत् संगःतु दुर्लभो अगम्यो अमोद्यः च ।**

પણ મહાનનો સંગ દુર્લભ છે, અગમ્ય (ન સમજાય એવો) છે અને અમોઘ (નિષ્ફળ ન જાય એવો) છે.

**४०. लभ्यते अपि तत्–कृपया एव ।**

તો પણ, મહાન માણસો અને ભગવાનની કૃપાથી મહાનનો સંગ પ્રાપ્ત થાય છે.

**४१. तस्मिन् तत्–जने भेद अभावात् ।**

કારણ કે ભગવાન અને તેનાં ભક્તમાં કોઈ જ ભેદ નથી.

**४२. तदेव साध्यता तदेव साध्यताम् ।**

ઉપર (સૂત્ર નં.૩૫ થી ૩૭) કહેલા સાધનોથી ભક્તિ કરવી, કેવળ આ સાધનોથી જ ભક્તિ કરવી.

**४३. दुःसंगः सर्वथैव त्याज्यः ।**

દુઃસંગનો સર્વથા ત્યાગ કરવો.

**४४. काम क्रोध मोह स्मृतिभ्रंश बुद्धिनाश (सर्वनाश) कारणत्वात् ।**

કારણ કે, દુઃસંગ કામ, ક્રોધ, મોહ, સ્મૃતિભ્રંશ, બુદ્ધિનાશ અને સર્વનાશનું કારણ છે.

**૪૫. तरंगायिता: अपि इमे संगात् समुद्रायन्ते ।**

કારણ કે, આ કામ, ક્રોધ, મોહ વગેરે તરંગ જેવડા હોય તો પણ દુઃસંગથી સમુદ્ર જેટલા વિશાળ થઈ જાય છે.

**૪૬. क: तरति क: तरतिमायाम् ? य: संगान् त्यजति, यो महानुभावं सेवते, निर्ममो भवति ।**

માયાને કોણ તરી જાય છે? માયાને કોણ તરી જાય છે? જે સંગ તજે છે, જે મહાનુભાવોને સેવે છે, જે મમતા રહિત થાય છે તે.

**૪૭. यो विविक्तस्थानं सेवते, यो लोकबंधम् उन्मूलयति, यो निस्त्रैगुण्य: भवति, यो योगक्षेमं त्यजति ।**

જે એકાંતસ્થાન સેવે છે; જે સ્થુળ, સુક્ષ્મ અને કારણ જગતનાં સુખને મૂળસહિત ઉખાડી ફેંકી દે છે, જે નિર્ગુણ હોય છે, જે યોગ-ક્ષેમ તજે છે તે. (● યોગ=મેળવવા પ્રયત્ન કરવો તે ● ક્ષેમ=જાળવવા પ્રયત્ન કરવો તે.)

**૪૮. य: कर्मफलं त्यजति, कर्माणि संन्यस्यति, ततो निर्द्वन्द्वो भवति ।**

જે કર્મનાં ફળને તજે છે, જે કર્મથી સંન્યાસ લે છે, તે નિર્દ્વન્દ્વ થાય છે.

૪૯. **यो वेदान् अपि संन्यस्यति; केवलम् अविच्छिन्न-अनुरागं लभते ।**

તે ધાર્મિક ક્રિયાકાંડોને પણ ત્યજી દે છે. કેવળ તે ઈશ્વરનો અવિચ્છિન્ન પ્રેમ પામે છે.

૫૦. **स तरति, स तरति, स लोकान् सः तारयति ।**

તે માયાને તરી જાય છે. તે માયાને તરી જાય છે અને તે લોકોને પણ તારે છે.

## चतुर्थोऽध्याय : ચોથો અધ્યાય
## प्रेमनिर्वचनम् । અનિર્વચનીય પ્રેમ

૫૧. **अनिर्वचनीयं प्रेमस्वरुपम् ।**

પ્રેમનું સ્વરૂપ અનિર્વચનીય (ન કહી શકાય એવું) છે.

૫૨. **मूक-आस्वादन वत् ।**

મુંગાએ ચાખેલા સ્વાદની જેમ.

૫૩. **प्रकाशते क्व अपि पात्रे ।**

તો પણ, યોગ્ય પાત્રમાં તે પ્રકાશે છે.

५४. गुणरहितं कामनारहितं प्रतिक्षण वर्धमानं अविच्छिन्नं सुक्ष्मतरं अनुभवरुपम् ।

પ્રેમ ગુણરહિત છે, કામનારહિત છે, પ્રતિક્ષણ વધ્યા જ કરે છે, અવિચ્છિન્ન હોય છે, સુક્ષ્મતર છે, અનુભવરૂપ છે.

५५. तत् प्राप्य तत् एव अवलोकयति, तत् एव श्रृणोति, तत् एव भाषयति, तत् एव चिंतयति ।

આવા પ્રેમને પામેલો બધે પ્રેમ જ જુએ છે, બધે પ્રેમ જ સાંભળે છે, કેવળ પ્રેમ જ બોલે છે ને કેવળ પ્રેમ જ ચિંતવે છે.

५६. गौणी त्रिधा, गुणभेदात्, आर्त आदि भेदात् वा ।

ગૌણી ભક્તિ ત્રણ પ્રકારની છે. ગુણથી સાત્વિક, રાજસી ને તામસી. અથવા આર્ત, જીજ્ઞાસુ અને અર્થાર્થીની ભક્તિ.

५७. उत्तरस्मात् उत्तरस्मात् पूर्व–पूर्वा श्रेयाय भवति ।

આગળની પાછળનાં કરતા વધુ શ્રેયસ્કર છે. (તામસી ભક્તિથી રાજસી ભક્તિ સારી અને રાજસી ભક્તિ કરતાં સાત્વિક ભક્તિ સારી. અથવા અર્થાર્થીની ભક્તિ કરતાં જીજ્ઞાસુની ભક્તિ ઊંચી અને જીજ્ઞાસુની ભક્તિ કરતાં આર્ત (દુઃખી)ની ભક્તિ ઊંચી.)

**૫૮. अन्यस्मात् सौलभ्यं भक्तौ ।**

પરાભક્તિ કરતા આ ગૌણી ભક્તિ ઓળખવી અને મેળવવી સરળ છે.

**૫૯. प्रमाण अन्तरस्य अनपेक्षत्वात् स्वयं प्रमाणत्वात् ।**

આનું કાંઈ પ્રમાણ આપવાની જરૂર નથી. કારણ કે, આ વાત સ્વતઃસિધ્ધ છે.

**૬૦. शांतिरुपात् परमानंदरुपात च ।**

ભક્તિ શાંત અને પરમ આનંદ રૂપ છે.

**૬૧. लोक हानौ चिंता न कार्या; निवेदित–आत्मलोक–वेदत्वात् ।**

ભક્ત જગતનાં દુઃખોની ચિંતા કરતો નથી કે તે મટાડવા કાર્ય કરતો નથી; કારણ કે તેણે પોતાની જાત, જગત અને ધર્મ ઈશ્વરને સમર્પિત કરી દીધું હોય છે.

**૬૨. न तत्–सिद्धो लोकव्यवहारो हेयः किन्तु फलत्यागः तत्साधनं च ।**

આનાથી એવું સિધ્ધ નથી થતું કે ભકતે લોક વ્યવહાર છોડી દેવા, પણ કર્મનાં ફળનો ત્યાગ કરવો એમ કહેવાનું છે. ફળની આશા વિના કરેલા નિષ્કામ કર્મ ભક્તિનું સાધન પણ છે.

**૬૩. स्त्रीधन नास्तिक वैरि चरित्रं न श्रवणीयम् ।**

ભક્તે અને ભક્તિમાર્ગનાં સાધકે સ્ત્રી, ધન, નાસ્તિક અને શત્રુનું વર્ણન ન સાંભળવું.

**૬૪. अभिमान दंभ आदिकम् त्याज्यम् ।**

અભિમાન, દંભ વગેરે દુર્ગુણોનો ત્યાગ કરવો.

**૬૫. तद्–अर्पित–अखिल–आचारः सन् काम क्रोध अभिमान आदिकम् तस्मिन् एव करणीयम् ।**

ભક્તે તેના બધા કર્મો ઈશ્વરને અર્પણ કર્યા હોઈ પોતાનાં કામ-ક્રોધ અભિમાન વગેરે પણ ઈશ્વર તરફ વાળી દેવા. (આથી, કામ પ્રેમ બની જાય છે, ક્રોધ વૈરાગ્ય બની જાય છે ને અભિમાન દયા બની જાય છે.)

**૬૬. त्रिरुपभंगपूर्वकम् नित्यदास्य नित्यकांता भजनात्मकं प्रेम कार्यम् प्रेम एव कार्यम् ।**

ગૌણી ભક્તિનાં ત્રણે રૂપોને પાર કરીને, જેમ દાસ એના સ્વામીને અને પત્ની એના પતિને નિત્ય પ્રેમ કર્યા કરે છે તે જ રીતે ભક્તે ઈશ્વરને પ્રેમ કર્યા કરવો, કેવળ પ્રેમ જ કર્યા કરવો.

## पंचमोऽध्याय : પાંચમો અધ્યાય
## मुख्याभक्त महिमा । મુખ્ય ભક્તિનો મહિમા

६७. **भक्ता एकान्तिनो मुख्या: ।**

જે ભક્ત એક ઈશ્વરની જ અહૈતુકી ભક્તિ નિરંતર કર્યા કરે છે તે મુખ્ય ભક્ત (ભાગવત્-ભક્ત, સંત) કહેવાય છે.

६८. **कंठ-अवरोध-रोमांच-अश्रुभि: परस्परं लपमाना: पावयन्ति कुलानि पृथिवीं च ।**

ગદ્ગદ કંઠે રોમાંચિત થઈને, અશ્રુભીની આંખે ઈશ્વર સાથે પરસ્પર વાતો કરતો આવો ભક્ત પોતાનાં કુળ અને પૃથ્વીને પાવન કરે છે.

६९. **तीर्थी कुर्वन्ति तीर्थानि, सुकर्मी कुर्वन्ति कर्माणि, सद्-शास्त्री कुर्वन्ति शास्त्राणि ।**

આવો ભક્ત જે તીર્થમાં રહે તે તીર્થ પવિત્ર થાય છે, જે કર્મ કરે તે કર્મ પવિત્ર થાય છે અને જે શાસ્ત્ર વાંચે-વંચાવે તે શાસ્ત્ર પવિત્ર થાય છે.

७०. **तन्मया: ।**

આવો ભક્ત ઈશ્વરમાં તન્મય હોય છે.

७१. **मोदन्ते पितरो, नृत्यन्ति देवता: सनाथा च इयम् भू: भवति ।**

આવા ભક્તને જોઈને પિતૃઓ રાજી થાય છે, દેવતાઓ નૃત્ય કરે છે અને પૃથ્વી સનાથ બને છે.

**૭૨. नास्ति तेषु जाति विद्या रुप कुल धन क्रिया आदि भेदः ।**

આવા ભકતોમાં જાતિ-વિધા-રૂપ-કુળ-ધન-ક્રિયા વગેરેનાં ભેદ હોતા નથી.

**૭૩. यतः तदीया : ।**

કારણ કે બધા ભકતો ઈશ્વરનાં જ છે.

**૭૪. वादो नावलम्ब्यः ।**

ભક્તે વાદ-વિવાદમાં ન પડવું.

**૭૫. बाहुल्य-अवकाश त्वात् अनियतत्वात् च ।**

કારણ કે દરેક બાબતમાં ઘણું બધું જુદાપણું રહેવાનું. તાર્કિક દષ્ટિકોણ બધા દષ્ટિકોણને સમાવી ન શકે.

**૭૬. भक्ति शास्त्राणि मननीयानि तत्-उद्बोधक कर्माणि करणीयानि ।**

ભક્તિનાં શાસ્ત્રોનું મનન કરવું અને ભક્તિ વધારે એવા કર્મો પણ કરતાં રહેવા.

**૭૭. सुख-दु:ख-इच्छा-लाभ-आदि-त्यक्ते काले प्रतीक्षमाणे क्षणार्धम् अपि व्यर्थम् न नेयम् ।**

ભક્તે સુખ, દુઃખ, ઈચ્છા, લાભ વગેરે ત્યજી દીધા હોવાથી જે ઘણો સમય મળે છે એમાંથી અડધી ક્ષણ પણ વ્યર્થ ન જવા દેતાં ઈશ્વરને સમર્યા કરે છે.

**૭૮. अहिंसा–सत्य–शौचदया–आस्तिक्य आदि चारित्र्याणि परिपालनीयानि ।**

ભક્તે અહિંસા, સત્ય, પવિત્રતા, દયા, આસ્તિકતા વગેરે સદ્‌ગુણો અને ચારિત્ર્યનું પાલન કરવું.

**૭૯. सर्वदा सर्वभावेन निश्चिन्तै भगवान इव भजनीयः ।**

સદા, સર્વભાવથી, ચિંતારહિત થઈને ભગવાનનું જ ભજન કર્યા કરવું.

**૮૦. स कीर्त्यमानः शीध्रम् आविर्भवति अनुभावयति भक्तान् ।**

આવા કીર્તિમાન ભક્તમાં પરમાત્માનો શીઘ્ર આવિર્ભાવ થાય છે અને તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

**૮૧. त्रिसत्यस्य भक्तिः एव गरियसी, भक्तिः एव गरियसी ।**

જ્ઞાન-કર્મ અને યોગમાં ભક્તિ જ શ્રેષ્ઠ છે, ભક્તિ જ શ્રેષ્ઠ છે.

**૮૨. गुणमाहात्म्य–आसक्ति, रुप–आसक्ति, पूजासक्ति, स्मरणासक्ति, दास्य–आसक्ति,**

**सख्य-आसक्ति, वात्सल्य-आसक्ति, कांता-आसक्ति, आत्मनिवेदन-आसक्ति, तन्मयतासक्ति, परमविरहासक्ति, रुपा एकधा अपि एकादशधा भवति ।**

ભક્તિનું એક જ રૂપ છે તો પણ તે અગીયાર રૂપે પ્રગટે છેઃ (૧) ઈશ્વરનાં ગુણોનાં માહાત્મ્યમાં આસક્તિ (૨) ઈશ્વરનાં રૂપમાં આસક્તિ (૩) ઈશ્વરની સેવા-પૂજામાં આસક્તિ (૪) ઈશ્વરને સતત સમર્યા કરવાની આસક્તિ (૫) ઈશ્વર પ્રત્યે સેવક ભાવ (૬) સખાભાવ (૭) ઈશ્વરને પુત્ર રૂપે ચાહવો (૮) ઈશ્વરને પતિરૂપે ચાહવો (૯) આત્મનિવેદનની આસક્તિ : જેમ કે, બલિ અને વિભીષણની ભક્તિ (૧૦) તન્મયતાની આસક્તિ : જેમકે, સનતકુમાર, યાજ્ઞવલ્ક્ય વગેરે (૧૧) પરમ વિરહ આસક્તિ.

**૮૩. इति एवम् वदन्ति जन-जल्प-निर्भया: एकमता: कुमार-व्यास-शुक-शांडिल्य-गर्ग-विष्णु-कौण्डिन्य-शेष-उद्धव-अरुणि-बलि-हनुमद्-विभीषण-आदय: भक्ति-आचार्या: ।**

આ પ્રમાણે લોકનિંદાનાં ભય વિના એકમતે સનતકુમાર-વ્યાસ-શુકદેવ-શાંડિલ્ય-ગર્ગ-વિષ્ણુ-કૌણ્ડિન્ય-શેષ-

ઉદ્ધવ-અરૂણિ-બલિ-હનુમાનજી-વિભીષણ વગેરે ભક્તિનાં આચાર્યો ભક્તિનું વર્ણન કરે છે.

૮૪. **य इदं नारद-प्रोक्तम् शिव-अनुशासनम् विश्वसिति श्रद्धते, स भक्तिमान् भवति, सः प्रेष्ठम् लभते, सः प्रेष्ठम् लभते ।**

જે કોઈ નારદની આ કલ્યાણકારી વાણીને શ્રદ્ધાથી માનશે તે ભક્તિમાન થશે, અને પરમાત્માનો સાક્ષાત્કાર કરશે, તે અવશ્ય પરમાત્માનો સાક્ષાત્કાર કરશે.

**॥ इति समाप्त ॐ तत् सत् ॐ तत् सत् ॥**

# પરિશિષ્ટ -૧

## ભાવાત્મક પ્રેમનાં લક્ષણો

(૧) નર્તન
(૨) વિલુંઠન (ભૂમિ પર આળોટવું)
(૩) ઉચ્ચ સ્વરે ગાવું.
(૪) તનુ મોટનમ્ (અંગ મરોડવું)
(૫) ચીત્કાર (ચીસો પાડવી)
(૬) જાૃમ્ભણ (બગાસાં આવવા)
(૭) નિઃશ્વાસ (ભારે શ્વાસોશ્વાસ)
(૮) લાલાસ્ત્રાવ (લાળ ટપકવી)
(૯) લોકાનપેક્ષિતા (લોકોની પરવા ન કરવી)
(૧૦) અટ્ટહાસ (ઉન્મત્તની જેમ અટ્ટહાસ્ય કરવું)
(૧૧) ઘૂર્ણા (ચક્કર આવવા)
(૧૨) હિક્કા (હેડકી આવવી)

# પરિશિષ્ટ-૨

## સાત્વિક ભાવનાં આઠ લક્ષણો

(૧) સ્તમ્ભ (૨) સ્વેદ (૩) રોમાંચ (૪) સ્વરભેદ
(૫) કમ્પન (૬) વિવર્ણતા (૭) અશ્રુપાત (૮) પ્રલય (મૂર્છા)

પ્રાણ પૃથ્વી તત્ત્વમાં સ્થિર થાય ત્યારે સ્તમ્ભ, જળ તત્ત્વમાં સ્થિર થાય ત્યારે અશ્રુપાત અને અગ્નિતત્ત્વમાં સ્થિર થાય ત્યારે સ્વેદ થાય છે. વાયુ તત્ત્વનાં સંસર્ગથી સ્વરભેદ, રોમાંચ થાય છે. અને આકાશ તત્ત્વનાં સંસર્ગથી પ્રલય (મૂર્છા) ઉત્પન્ન થાય છે.

# પરિશિષ્ટ-૩

પ્રેમભાવની અતિશયતામાં અલ્પ સમય પૂરતા નીચેનાં વ્યભિચારી ભાવ પણ ભક્તમાં જોવા મળે છે.

(૧) નિર્વેદ (ખિન્નતા) (૨) વિષાદ (સિદ્ધિમાં નિષ્ફળતા) (૩) દૈન્ય (દુઃખ, ભય કે અપરાધથી જન્મેલ દુર્બળતા) (૪) ગ્લાનિ (કોઈ અનુચિત કામ થવાથી

પોતાને દોષી ગણવું તે) (૫) શ્રમ (પ્રસ્વેદ, બગાસા આવવા ઈત્યાદી) (૬) મદ (વિકારને લીધે વાણી ઈત્યાદી દુષિત થવી તે) (૭) ગર્વ (સંપત્તિ, સૌંદર્ય, ઈષ્ટ વગેરેની પ્રાપ્તિ વખતે પ્રગટે છે) (૮) શંકા (સંશય) (૯) ત્રાસ (આકાશમાં વિજળી જોવાથી, સાપ વગેરે ભયંકર જીવને જોવાથી, ગર્જના સાંભળવાથી હૃદયમાં જે ખળભળાટ થાય તે) (૧૦) આવેગ (અતિપ્રિય, અતિઅપ્રિય, અગ્નિ, પ્રબળ પવન, શત્રુનાં દર્શનથી આવેગ ઉત્પન્ન થાય છે) (૧૧) ઉન્માદ (મહાભાવ) (૧૨) વિસ્મૃતિ (અપસ્માર) (૧૩) વ્યાધિ (શારીરિક પીડા) (૧૪) મોહ (શું કરવું ને શું ન કરવું એનો બોધ નાશ થવો તે) (૧૫) આલસ્ય (આત્મસંતોષ અથવા અતિપરીશ્રમનાં અણગમાને લીધે) (૧૬) જડતા (૧૭) લજ્જા (વ્રીડા) (૧૮) ગોપન (અવહિત્થા) (૧૯) સ્મરણ (૨૦) વિતર્ક (૨૧) ચિંતા (૨૨) મતિ (૨૩) ધૃતિ (૨૪) સુખ (૨૫) ઉત્સુકતા (૨૬) અમર્ષ (પરિણામે અપમાન ભર્યા વચનો) (૨૭) અસૂયા (૨૮) નિંદ્રા (તંદ્રા) (૨૯) બોધ

## પરિશિષ્ટ - ૪
## પૂર્ણ ભક્તનાં લક્ષણો


(૧) દેહ સૌંદર્ય (૨) શરીર પર શુભ ચિન્હો (૩) રૂચિર (૪) તેજોમેય (૫) બળવાન (૬) નિત્ય નવયુવાન (૭) અદ્‌ભૂત ભાષાવિદ્ (૮) સત્ય વચની (૯) પ્રિયભાષી (૧૦) વાક્‌પટુ (૧૧) બહુશ્રુત વિદ્વાન (૧૨) અત્યંત બુદ્ધિમાન (૧૩) અસાધારણ પ્રતિભાયુક્ત (૧૪) ક્લાવિદ્ (૧૫) ચતુર (૧૬) દક્ષ (૧૭) કૃતજ્ઞ (૧૮) દઢ નિશ્ચયી (૧૯) દેશ-કાલ સુપાત્રજ્ઞ (૨૦) શાસ્ત્રચક્ષુ (૨૧) શુચિ-પવિત્ર (૨૨) આત્મ સંયમી (૨૩) સ્થિર (૨૪) દાંત (સહનશીલ) (૨૫) ક્ષમાશીલ (૨૬) ગંભીર (૨૭) આત્મતુષ્ટ (ધૃતિમાન) (૨૮) સમતા (૨૯) દાનવીર (૩૦) ધાર્મિક

# પરિશિષ્ટ - ૫
# ભક્તિનાં અંગો (સાધના)

(૧) સદ્‌ગુરૂ-પાદાશ્રય.
(૨) ગુરૂ પાસેથી દિક્ષા અને ઉપદેશ ગ્રહણ.
(૩) શ્રધ્ધા અને વિશ્વાસ સાથે ગુરૂ સેવા.
(૪) સંતોનું અનુસરણ.
(૫) ધર્મ-જિજ્ઞાસા.
(૬) ઈશ્વર પ્રેમ માટે સર્વસ્વનો ત્યાગ.
(૭) તીર્થમાં નિવાસ.
(૮) અપરિગ્રહ (માત્ર જરૂર પૂરતું જ સ્વીકારવું)
(૯) ઉપવાસ.
(૧૦) અભક્તોનાં સંગનો ત્યાગ કરવો.
(૧૧) સામાન્ય વ્યવહારમાં નિષ્કપટ વૃત્તિ.
(૧૨) મોટાને આદર આપવો.
(૧૩) કોઈપણ જીવને ત્રાસ ન આપવો તે.

## ❖ ભક્તિની સાધના શરૂ કરતાં પહેલા કરવાની પૂર્વ તૈયારી ❖
## (શ્રી રામાનુજાચાર્યનાં મત મુજબ)

(૧) ખાવા-પીવામાં વિવેક
(૨) ઈચ્છાઓ પર નિયંત્રણ
(૩) અભ્યાસ (જપ ઈત્યાદિ)
(૪) સત્-કર્મ (પૂણ્ય કર્મ)
(૫) પવિત્રતા (સત્ય, સરળતા, દયા, અહિંસા, દાન વિગેરે)
(૬) અન-અવસાદ (આનંદમાં રહેવું તે)
(૭) અનુદ્ધ - હર્ષ (વધુ પડતા ઉલ્લાસનો અભાવ)




**શ્રી ગોર આશ્રમ**

મુ. ખરેડા તા. મોરબી, જિ. રાજકોટ પીનઃ ૩૬૩ ૬૪૨

e-mail: shreegorji@yahoo.com